**OLD SPCS NO 14 OF 2010**
**NEW SPCS NO 09 OF 2018**
**ORDER BELLOW EX - 05**

## –ઃ આંકઃ–૫ ની અરજી તળેનો હુકમ–

(૧) આ કામે હાલનો દાવો દાખલ કરી આ કામના વાદીઓ તરફે એવી રજુઆત કરવામા આવેલ છે કે, આ કામના વાદીઓ અને પ્રતિવાદીઓની સંયુકત માલીકી અને કબજા ભોગવટા વાળી મિલ્કત રેવન્યુ સરવે નં.૯૬૫/૧ તેના એકર ૩–૨૫ ગુંઠા અને રેવન્યુ સર્વે નં.૯૬૫/૨ જેનુ ક્ષેત્રફળ એકર ૦–૩૮ ગુંઠા તથા રેવન્યુ સર્વે નં.૯૬૬ જેનુ ક્ષેત્રફળ એકર ૧–૦૫ ગુંઠા તેમજ રેવન્યુ સર્વે નં.૯૬૪ પૈકી ૧ જેનુ ક્ષેત્રફળ ૭–૩૯ ગુંઠાથી આવેલી છે. આ જમીનો પૈકી રેવન્યુ નં.૯૬૪ પૈકી ૧ વાળી એકર ૭–૩૯ ગુંઠાવાળી જમીન બીનખેતી કરાવવાનો હુકમ કરાવવામા આવેલો તેમજ ૯૬૪ પૈકી ૧ વાળી એકર ૭–૩૯ ગુંઠાવાળી જમીન રેવન્યુ રેકર્ડની હકીકતો મુજબ ગુજરનાર પ્રદીપકુમાર તથા જીતેન્દ્રભાઇ તથા જીતેન્દ્રભાઇના પિતા ચુનીલાલ ભાઇ જગદિશભાઇ તથા કીરીટભાઇના વારસદારો દરજજે ખરીદ કરવામા આવેલી અને તેની હકકપત્રક મા નોંધ પણ દાખલ કરવામા આવેલી તેમજ રેવન્યુ સર્વે નં.૯૬૫ પૈકી ૧ ૯૬૫ પૈકી ૨ અને ૯૬૬ વાળી જમીન ગુજરનાર પ્રદીપકુમાર તથા જગદિશભાઇએ ખરીદ કરેલી તેવુ રેવન્યુ રેકર્ડમા દર્શાવવામા આવેલુ છે. રેવન્યુ સર્વે નં.૯૬૪ પૈકી ૧ વાળી જમીનમા કામના વાદીઓનો ૧/૪ સરખો માલીકી અને હકક હિસ્સો તથા કબજો રહેલો છે તેમજ ૯૬૫ પૈકી ૧ તથા ૯૬૫ પૈકી ૨ તથા ૯૬૬ વાળી જમીનમા ગુજરનાર પ્રદીપભાઇ તથા વાદી જીતેન્દ્રભાઇ તથા જગદિશભાઇનો ૧/૨ હિસ્સો આવેલો છે. એટલે કે આ જમીનમા વાદી નં.૨ તથા પ્રતિવાદી નં.૨ કીરીટભાઇનો કોઇ હિસ્સો આવેલો નથી. આ કામના વાદી નં.૧ ના વારસદારો તથા પ્રતિવાદી નં.૧ આ મિલ્કતના કાયદેસરના માલીક અને કબજેદારો છે. આ કામના

વાદીઓ ઘણા સમયથી અમદાવાદ મુકામે રહેતા હોય સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આ જમીન હોય વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે વહેચણી કરવી જરૂરી હોય તે ધ્યાને લઈ આ કામના પ્રતિવાદીઓને અવારનવાર વહેચણી કરવા માટે વિનંતી કરવામા આવેલ છે અને આ બાબતનો નિકાલ લાવવા માટે જેતપુર મુકામે મીટીંગ કરેલ છે પરંતુ દર વખતે પાર્ટીશન કરી નાંખીશં તેવા દિલાસાઓ આપવામા આવેલા છે અને આ કામના વાદીઓ પ્રતિવાદીઓ ઉપર ભરોસો રાખી તેઓના સમાચાર આવે તેની રાહ જોતા હતા. દાવો દાખલ કરવામા આવ્યો તેના થોડા સમય પહેલા વાદીઓને જેતપુર મુકામેના તેઓના સગા સંબંધીઓ મારફતે માહિતી મળેલી કે આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી જમીન વેચાણ કરવા માટે પ્રયત્ન કરી રહેલા છે તેમજ જુદા જુદા દલાલો તથા બીલ્ડરો સાથે મીટીંહ કરી રહેલ છે તેથી વાદીઓએ પ્રતિવાદી નં.૧ ને આ બાબતે ટેલીફોન ઉપર જાણ કરેલી અને પુછપરછ કરતા પ્રતિવાદીએ જણાવેલ કે મારે કરજમાથૂ મુકત થવુ છે એટલે જમીન હુ વહેચી નાખવાનો છુ જેથી વાદીઓએ પોતાના હિસ્સાની માંગણી કરેલી ત્યારે પ્રતિવાદીઓ એ વાદીઓનો આ મિલ્કતમા કોઈ હકક હિસ્સો નહિ આવેલ હોવાનુ જણાવેલ તેમજ પોતાની સ્વતંત્ર માલીકીની છે તેવુ જણાવતા આ કામના વાદીઓએ ગુજરાત સમાચાર તે સંબંધેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલી અને પોતાના આ દમીનમા હકક હિસ્સા હોય ખરીદનારે સાવધ રહેવાનુ તેવી જાહેરાત કરેલી. આ કામના પ્રતિવાદીઓ વાદીઓને તેઓનો હિસ્સો આપવા માંગતા નથી અને અંધારામા રાખી આ મિલ્કત વેચાણ કરી નાંખવા પ્રયત્નશીલ હોય તેથી હાલનો દાવો લાવવાની જરૂરત પડેલ હોવાનુ જણાવેલ છે. તેમજ દાવાઅરજી પેરા-મા જણાવ્યા નુજબની વિગતોએ દાદની માંગણી કરવામા આવેલી છે તેમજ આંક-૫ થી હાલની

મનાઇહુકમ મેળવવા માટેની અરજી રજુ રાખી હાલની અરજી પેરા-૧૨ મુજબ આ કામના પ્રતિવાદીઓ આ દાવાના આખરી નિકાલ થતા સુધી આ મિલ્કત અન્ય કોઇને વેચાણ, ટ્રાન્સફર, ગીરો, બોજો કે તબદિલ કે એસાઇન કરે કરાવે નહિ તેવી વચગાળાની દાદની માંગણી કરેલી.

(૨) આ કામેનો હાલનો દાવો ગોંડલ મુકામે મહે.પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રી અદાલતમા રજુ કરવામા આવેલો અને ત્યા આ દાવાનો નંબર સ્પે.દીવાની મુકદમા નં.૧૪/૨૦૧૦ થી આપવામા આવેલો. ત્યારબાદ નામદાર ગુજરાતની વડી અદાલત ના આદેશ મુજબ જેતપુર મુકામે તા.૧૪-૫-૨૦૧૮ ના રોજ સિનિયર સિવિલ અદાલત શરૂ કરવામા આવેલી. જેતપુર મુકામે નામદાર વડી અદાલતની આદેશ મુજબ સિનિયર સિવિલ અદાલત શરૂ થતા નામદાર પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રી રાજકોટના આદેશ મુજબ આ દાવો ગોંડલ મુકામેથી જેતપુર મુકામે ટ્રાન્સફર કરવામા આવેલો. આ દાવો જેતપુર મુકામે ટ્રાન્સફર કરવામા આવતા આ દાવાને નવો નંબર સ્પે.દીવાની મુકદમા નં.૯/૨૦૧૮ થી આપવામા આવેલો.

(૩) આ કામે હાલનો દાવો દાખલ થતા મારા પુરોગામીશ્રી તરફથી આ કામના પ્રતિવાદીને દાવા તથા મનાઇહુકમની અરજીના પ્રોસેસ કરવામા આવેલા. આ કામના પ્રતિવાદીને પ્રોસેસ કરવામા આવતા આ કામના પ્રતિવાદીએ દાવાનો જવાબ આંક-૧૩ થી રજુ રાખેલો. તેમજ વાદીની મનાઇહુકમ મેળવવાની અરજીના વાંધા જવાબ આંક-૧- થી રજુ રાખવામા આવેલા. આ કામના પ્રતિવાદી તરફે હાલની અરજીના વાંધા જવાબ રજુ રાખી વાદીના દાવાને તથા અરજીને અલગ અલગ કાયદાની

જોગવાઈનો બાધ નડતો હોવાની તકરારો ઉઠાવવામા આવેલી. તેમજ વધુમા અ ેવી હકીકતો જાહેર કરવામા આવેલી કે, આ કામના વાદીઓએ તકરારી મિલ્કતો કેવી રીતે માલીકીમા મેળવવામા આવેલી તેવી તમામ હકીકતો આ દાવાના કામે છુપાવેલી છે. તેમજ દાવાના કામે મિલ્કતની માલીકી સંબંધે કરવાનુ થતુ હોય તેવુ કોઈ પક્ષનિવેદન કરવામા આવેલ નથી. તેમજ દાવાવાળી તકરારી મિલ્કતના ટાઈટલ શું હતા અને દાવાવાળી તકરારી મિલ્કતની હાલની ટાઈટલની પરિસ્થિતિ શુ છે તે હકીકતો આ કામના વાદીઓ સતર્તા પુર્વક આ દાવાના કામે જાહેર કરેલી નહિ હોવાનુ જણાવવામા આવેલુ છે તેજ દાવાવાળી મિલ્કતો તથા અન્ય મિલ્કતો જયારે સંયુકત માલીકી અને કબજા ભોગવટાની નથી ત્યારે અવારનવાર આ કામના વાદીઓએ વહેચણી બાબતે જણાવેલ હોવાનુ અને પ્રતિવાદીઓએ ઈન્કાર કરેલ હોવાની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામા આવેલો છે. તેમજ આ કામના વાદીઓએ વર્તમાન પત્રમા જાહેર કરેલી નોટીસ માત્ર ને માત્ર પ્રતિવાદીઓને બ્લેક મેઈલ કરવાના ઈરાદાથી અને દબાણ લાવવાના બદઈરાદાથી જાહેર કરેલી તેવુ જણાવવામા આવેલુ છે. તેમજ જવાબ પેરા–૧૭ મા એવી હકીકતો ખરી હોવાનુ જણાવેલ છે અને એવુ જણાવેલ છે કે આ કામેના તકરારી મિલ્કતો જે તે સમયે ખરીદ કરવામા આવી ત્યારબાદ બીનખેતી કરવામા આવેલી અને આ મિલ્કતો બીનખેતી કરવામા આવ્યા બાદ તેમજ ગુજરનાર પ્રદીપભાઈ તથા આ કામના વાદી નં.૨ વાળાએ આ મિલ્કતો માથી પોતાના હકક, હિસ્સાઓ અગાઉ વહેચણી દસ્તાવેજ કરી ઉઠાવી લીધેલ હોવાની હકીકતો જાહેર કરેલ છે તેમજ વેજની રકમ પણ તેઓએ સ્વિકારી લીધેલ હોવાની હકીકતો તેઓએ જાહેર કરેલ છે. તેમજ આ મિલ્કતો બીનખેતી થયા બાદ આ મિલ્કતોના પ્લોટો પડી અલગ અલગ આસામીઓને વેચાણ કરી દેવામા આવેલ

હોવાની હકીકતો જાહેર કરવામા આવેલી છે તેમજ ગુજરનાર પ્રદીપભાઇ વર્ષ ૨૦૦૮ સુધી જીવીત હતા તેમછતા તેઓએ આ હકીકતો જાણતા હોવાથી કયારેક આ મિલ્કતો બાબતે તકરાર ઉઠાવેલી હોય તેવી હકીકતો રહેલી નથી. આ હકીકતો ધ્યાને લેતા પણ આ કામના વાદીઓના આ મિલ્કતો પરત્વેના હકકો જતા કરેલા હોય એટલે કે વેઇવ કરેલા હોય તેવી હકીકતોનુ અનુમાન કરવાની સ્થિતિ રહેલી છે. તેમજ આ કામના વાદીઓનો હાલે આ તકરારી મિલ્કતોના કોઇપણ જાતનો હકક,અધિકાર રહેલો નહિ હોવાની હકીકતો જણાવેલ છે તેમજ આ રેકર્ડ ઉપરની તમામ હકીકતો વાદીઓ જાણતા હોવા છતા તેઓએ આ દાવાના કામે તમામ હકીકતો છુપાવેલી છે. અને આ કામના પ્રતિવાદીને સમાજમા નીચા દેખાડવા તેમજ સામાજીક તથા ધંધાકીય તેમજ આર્થીક નુકશાન કરવાના બદઈરાદાથી હાલનો ખોટો દાવો દાખલ કરેલ હોવાનુ જણાવેલ છે. તેમજ હાલની મનાઇહુકમ મેળવવાની અરજી ખોટી રીતે દાખલ કરેલ હોવાનુ જણાવેલ છે જે આ કામના વાદીઓનુ કૃત્ય માલાફાઇડ હોવાનુ જણાવવામા આવેલ છે. આ કામેની દાવાવાળી મિલ્કતોની માલીકી અને કબજાની સ્થિતિના ફેરફાર થઇ ગયેલો છે તેમજ ત્રાહિત વ્યકિતઓના નામે આ મિલ્કત વેચાણ કરી દેવામા આવેલ છે તેની રેવન્યુ રેકર્ડ ઓફ રાઇટસમા નોંધો પણ પાડવામા આવેલી છે તે તમામ હકીકતો ધ્યાને લઇ આ કામના વાદીની અરજી રદ કરવા રજુઆત કરવામા આવેલી છે.

(૪) આ કામે હાલનો દાવો દાખલ થયા બાદ આ કામના વાદી તરફથી આંક– ૧૬ તથા આંક – ૧૮ થી સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર – ૬ રુલ – ૧૭ મુજબ સુધારો કરવા માટેની અરજી રજુ રાખેલી. સદર અરજી તળે મારા પુરોગામી શ્રી એ બંને

પક્ષની રજુઆતો સાંભળી, અરજી મંજુર કરવાનો આદેશ કરેલો તેના અનુસંધાને વાદી તરફથી દાવા મા જરુરી સુધારો કરવામા આવેલો. આ કામે સદર હુકમ વિરુધ્ધ પ્રતિવાદી તરફે નામદાર ગુજરાતની વડી અદાલતમા સ્પે. સીવીલ એપ્લીકેશન નંબર – ૯૬૭/૨૦૧૭ થી દાખલ કરવામા આવેલી. સદર કામે નામદાર ગુજરાતની વડી અદાલતે મારા પુરોગામીશ્રીએ આંક – ૧૬ તથા આંક – ૧૮ ની અરજી તળે કરેલો હુકમ રદ કરવાનો હુકમ કરેલો. નામદાર ગુજરાતની વડી અદાલત સમક્ષ વાદી ના વકીલશ્રીએ સદર હુકમ સ્થગિત કરવા માગણી કરતા, તારીખ ૧૪.૭.૨૦૧૪ સુધી હુકમ સ્થગિત કરવામા આવેલો. ત્યાર બાદ નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ વિલંબ માફ કરવાની અરજી દાખલ કરવામા આવેલી. સદર અરજી મંજુર કરવાનો હુકમ કરવામા આવેલ હોય તેવું આંક – ૬૬ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ના આધારે જણાઇ આવે છે. પરંતુ ત્યાર બાદ નામદાર સર્વોચ્ચ અદાલતે અન્ય કોઇ હુકમ કરેલ હોય તેવી હકીકતો વાદી તરફે અદાલતમા રજુ રાખવામા આવેલ નથી.

(૫) આ કામે પક્ષકારો તરફે રજુ રાખવામા આવેલ પક્ષ નિવેદન તથા દસ્તાવેજી પુરાવાઓ ના આધારે નીચે મુજબના મુદાઓ નકકી થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ જણાઇ આવે છે ?

(૨) શું મનાઇ હુકમ ફરમાવવામા ન આવે તો વાદી ને નાણા મા ન પુરી શકાય તેવું નુકશાન આવે તેમ છે ?

(૩) આ કામે સગવડતા – અગવડતા નુ પલ્લુ વાદી ની તરફેણમા જણાઇ આવે છે ?

(૪) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓનો ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે

(૧) નકારમા

(૨) નકારમા

(૩) નકારમા

(૪) આખરી હુકમ મુજબ

(૭) આ કામે વાદી તરફે વિ. વકીલ શ્રી ની રજુઆત છે કે, આ કામના વાદી એ હાલનો દાવો મિલ્કત વિભાજન અંગેનો દાખલ કરેલ છે. આ કામે રજુ કરવામા આવેલા આંક – ૩ ના દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા આ કામના પક્ષકારો તકરારી મિલ્કતના સંયુકત માલીક અને કબ્જેદાર તરીકે રેવન્યુ રેકર્ડ ઓફ રાઇટસમા નામ પણ નોંધાયેલા છે. આ કામના પ્રતિવાદી ચાલુ દાવા દરમ્યાન તકરારી મિલ્કત અન્ય કોઇને વેચાણ – ટ્રાન્સફર કરી દે તો અનેક દાવા – દુવી થવા સંભવ છે. તેથી આ કામના પ્રતિવાદી ને અટકાવવા જરુરી છે. જો આ કામના પ્રતિવાદીને અટકાવવામા આવે તો પ્રતિવાદી દેખીતી રીતે કોઇ નુકશાન આવવા સંભવ નથી. તેથી આ કામના પ્રતિવાદી ને આ મિલ્કતમા ત્રાહીત નુ હીત ઉભું કરતા અટકાવવા જરુરી હોય હાલની અરજી મંજુર કરવી જોઇએ.

આ કામે પ્રતિવાદી તરફે વિ. વકીલશ્રી ની રજુઆત છે કે, આ કામના વાદીઓ

આ દાવાના કામે મહત્વની હકીકતો છુપાવી રહેલા છે. આ મિલ્કત સંયુકત મા લીકીની કેવી રીતે બનેલી તે હકીકતો બાબતે કોઇ સ્પષ્ટ પક્ષ નિવેદન કરવામા આવેલ નથી. હાલે તકરારી મિલ્કતો બીનખેતીમા તબ્દીલ થઇ જવા પામેલ છે તેમજ આ મિલ્કત ના પ્લોટો અન્ય ઇસમો ને વેચાણ પણ કરી દેવામા આવેલા છે. તેમજ આ કામના વાદી એ પોતે પણ આ હકીકત જાણતા હોવા છતા દાવાના કામે જણા વવામા આવેલ નથી. આ મિલ્કત ના વાદીઓના હકક – અધિકારો, વાદીઓએ જતા કરેલા હોવાની હકીકતો રહેલી છે. તેમ છતાં આ હકીકત પણ અદાલત સમક્ષ છુપાવવામા આવેલી છે. તેથી જો હાલના તબકકે મનાઇ હુકમ આપવામા આવે તો, આ કામના વાદી અદાલતના પ્રોસેસ નો દુરઉપયોગ કરી અદાલતને અંધારામા રાખી હુકમ મેળવી જશે તેવું થશે તેમ જણાવી હાલની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

**<u>ઃ– કારણો ઃ–</u>**

**<u>મુદા નંબર ૧ ના કારણો ની ચર્ચા</u>**

(૮) આ કામે વાદી તરફે રજુ રાખવામા આવેલી હાલની અરજી ના અનુસંધાને કા યદા ની સ્થિતિ ને ધ્યાને લેવામા આવે તો, કોઇપણ વ્યકિત જયારે મનાઇ હુકમની માગણી કરતી અરજી દાવા ના કામે રજુ રાખે ત્યારે અદાલત પાસે પક્ષકારોના પક્ષ નિવેદન તથા સોગંદનામા તથા દસ્તાવેજી પુરાવાઓ થી વિશેષ કોઇ હકીકતો હોતી નથી. આંક – ૫ ની અરજીનો નિર્ણય કરતા સમયે વાદી એ પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાની હકીકતો અદાલતના રેકર્ડ ઉપર પોતાના પક્ષ નિવેદનો તેમજ દસ્તાવેજી

પુરાવાઓના આધારે સાબીત કરવાની રહે. જો વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ સાબીત કરવામા સફળ રહે નહી તો, વાદી માંગ્યા મુજબનો મનાઇ હુકમ મેળવવા હકકદાર બનતા હોવાનુ કહી શકાય નહી.

(૯) આ કામે વાદી તરફે આંક – ૩ થી રજુ રાખવામા આવેલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામા આવે તો, આ કામે માર્ક – ૩/૧ થી રેવન્યુ સર્વે નં. ૯૬૫/૧ તેમજ માર્ક – ૩/૨ થી રેવન્યુ સર્વે નં. ૯૬૫/૨ તથા માર્ક – ૩/૩ થી રેવન્યુ સર્વે નં. ૯૬૬ વાળી જમીનના રેવન્યુ રેકર્ડ ઓફ રાઇટસ ની નકલો રજુ રાખવામા આવેલ છે. સદર નકલો વંચાણમા લેતા તેમા ગુજરનાર પ્રદિપભાઇ તથા પ્રતિવાદી નંબર ૧ નુ નામ લખવામા આવેલ છે. આ રેકર્ડ ની હકીકતો ધ્યાને લેતા સામાન્ય રીતે આ ત્રણ જમીનોમા આ બંને જણાનો અડધો – અડધો હીસ્સો હોય તેવી હકીકતોનુ અનુમાન કરવુ પડે. આ કામે માર્ક – ૩/૬ થી ગામ નમુના નંબર ૬, હકક પત્રક ની નોંધ નંબર ૧૮૯૬ વાળી તારીખ – ૮.૬.૧૯૭૦ વાળી વંચાણ મા લેવામા આવે તો, ગુજરનાર પ્રદિપભાઇ તથા પ્રતિવાદી નંબર – ૧ વાળા એ સંયુકત રીતે મિલ્કત ખરીદ કરેલ હોય તેવી સ્થિતી જણાઇ આવે છે. આ કામે માર્ક – ૩/૯ થી રેવન્યુ સર્વે નંબર – ૯૬૪/૧ વાળી જમીનના રેવન્યુ રેકર્ડ ઓફ રાઇટસ ની નકલ રજુ રાખવામા આવેલ છે જે મુજબ આ મિલ્કત વાદીઓ તથા પ્રતિવાદીઓની સંયુકત મિલ્કત હોય, તેવું જણાઇ આવે છે.

(૧૦) આ કામે વાદી તરફે રજુ રાખવામા આવેલા આ દસ્તાવેજી પુરાવાઓની હકીકતોને ધ્યાને લેવામા આવે તો, આ મિલ્કતો હાલે મુળ નામે ચાલે છે. તેમજ આ

કામના વાદી ઓ તથા પ્રતિવાદીઓના સંયુકત નામે દાખલ થયેલ છે. રેવન્યુ રેકર્ડ ઓફ રાઇટસ મા પાડવામા આવેલી આ નોંધો માલીકીની ખરાઇ કર્યા બાદ પાડવામા આવેલી હોય તેવું અનુમાન થઇ શકે તેવી સ્થિતી જણાઇ આવે છે. તેમજ આ નોંધો મા ફેરફાર કરવા માટે પ્રતિવાદી ઓ તરફે આજદિન સુધી કોઇ કાર્યવાહી કરવામા આવેલ હોય, તેવું જણાઇ આવતું નથી. તે સંજોગોમા આ કામના વાદી દાવામા જે હકીકતો જણાવી રહેલ છે તે હકીકતો ને સમર્થન મળતુ હોવાનુ જણાઇ આવે છે.

(૧૧) આ કામે પ્રતિવાદી તરફે આંક – ૧૧ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખેલ છે. પ્રતિવાદી તરફે માર્ક – ૧૧/૧ તથા ૧૧/૨ થી પ્રતિવાદી નંબર ૧ ની તરફેણમા કરી આપવામા આવેલા મુખત્યારનામાઓ રજુ રાખવામા આવેલા છે. આ કામે માર્ક – ૧૧/૫ થી તારીખ – ૨૩.૫.૧૯૭૬ ના રોજ ગુજરનાર પ્રદિપભાઇએ પ્રતિવાદી નંબર – ૧ ની તરફેણમા રેવન્યુ સર્વે નંબર – ૯૬૫/૧ તથા ૯૬૫/૨ તથા ૯૬૬ વાળી મિલ્કતના ૧૪ પ્લોટો મા આવેલ કારખાના ના મકાન વિગેરેમાથી રુ. ૧૬,૫૪૬/– લઇ તારીખ – ૪.૧૧.૧૯૭૫ થી પોતાના હકક ઉઠાવી લીધેલ હોવાની હકીકતો આધારીત કરાર કરી આપેલ. આ કરાર કોઇ જગ્યાએ નોંધણી કરાવવામા આવેલ હોય તેવું જણાઇ આવતું નથી.

(૧૨) આ કામે માર્ક – ૧૧/૭ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૧૫૦૪ તારીખ – ૧૧.૮.૧૯૮૨ વાળાની નકલ રજુ રાખવામા આવેલ છે. આ દસ્તાવેજ થી ગુજરનાર પ્રદિપભાઇએ પ્રતિવાદી નંબર – ૧ ની તરફેણમા રેવન્યુ સર્વે નંબર – ૯૬૫/૧ તથા ૯૬૫/૨ તથા ૯૬૬ વાળી મિલ્કતના ૧૪ પ્લોટો મા આવેલ કારખા

ના ના મકાન વિગેરેમાથી રુ. ૧૬,૫૪૬/– લઈ તારીખ – ૪.૧૧.૧૯૭૫ થી પોતા ના હકક ઉઠાવી લીઘેલ હોવાની હકીકતો આઘારીત કરાર કરી આપેલ તેના અનુસંઘા ને આ ફારગતી દસ્તાવે કરી આપેલ હોય તેવુ ફલીત થઈ રહેલ છે અને આ દસ્તા વેજથી ગુજરનાર પ્રદિપભાઈનો હીસ્સો પ્રતિવાદી નંબર ૧ ની તરફેણમા જતો કરવા મા આવેલ હોવાનુ ફલીત થયેલ છે.

(૧૩) આ કામે માર્ક – ૧૧/૧૧ થી રેવન્યુ સર્વે નંબર ૯૬૪ /૧ વાળી જમીન બીનખેતી કરવામા આવેલી હોય, તે સબંઘે કલેકટરશ્રી તરફથી કરવામા આવેલ હુકમની નકલ રજુ રાખવામા આવેલ છે. આ કામે માર્ક – ૧૧/૧૨ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૫૧૭ તારીખ – ૧૭.૯.૧૯૭૫ થી ગુ. પ્રદિપભાઈ તથા જીતેન્દ્રભાઈ એ ૯૬૪/૧ વાળી જમીનના પ્લોટ નંબર ૮ થી ૧૩ સુઘીના માથી પોતાના હકક – અઘિકારો ઉઠાવી લીઘેલા હોય, તેવી હકીકતો આઘારીત ફારગતી દસ્તાવેજ રજુ કરવામા આવેલ છે. આ કામે માર્ક – ૧૧/૧૩ થી સર્વે નંબર ૯૬૪/૧ વાળી મિલ્કત મા આવેલા પ્લોટ નંબર ૧૯ થી ૨૨ સુઘીના માથી પ્રતિવા દીઓએ પોતાના હકક ઉઠાવી લીઘેલા હોય, તેવી હકીકતોને સમર્થન કરતો દસ્તા વેજ રજુ રાખવામા આવેલ છે.

(૧૪) આ કામે માર્ક – ૧૧/૧૮ થી લોહાણા મહાજન વાડીના જવાબદાર વ્યકિતઓએ આ કામના વાદીઓ વિરુઘ્ઘ સર્વે નંબર ૯૬૪/૧ વાળી મિલ્કત મા આવેલા પ્લોટ નંબર ૨૪ વાળો બે વખત વેચાણ દસ્તાવેજ કરી વેચાણ કરી નાખેલ હોય, તેવી હકીકતો આઘારીત જેતપુર શહેર પોલીસ સ્ટેશનમા જાહેર કરેલી ફરીયાદ

ની નકલ રજુ રાખવામા આવેલ છે. તેમજ માર્ક – ૧૧/૧૯ થી સદર ફરીયાદ ના આધારે દાખલ કરવામા આવેલ ચાર્જશીટ જેના ફોજદારી કેસ નંબર ૨૭/૨૦૦૧ આપવામા આવેલા. જેના ચાર્જશીટની નકલ રજુ રાખવામા આવેલ છે. તેમજ આંક – ૧૧ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટ થી તકરારી મિલ્કતો બીનખેતીમા તબ્દીલ કરવા મા આવ્યા બાદ તેના પ્લોટોનુ વેચાણ કરવામા આવેલ હોય અને તે સબંધે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવામા આવેલા હોય તેમજ આ મિલ્કતોનુ સીટી સર્વે કચેરી તરફથી સીટી સર્વે કરવામા આવેલ હોય તેવી હકીકતોના સમર્થનમા પ્રોપર્ટી કાર્ડ ના ઉતારા ની નકલો રજુ રાખવામા આવેલી છે.

(૧૫) આ કામે રજુ રાખવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓની હકીકતો વંચાણમા લેવામા આવે તો, આ કામના વાદીઓ તકરારી મિલ્કતમા પોતાના અડધા હીસ્સાની કે ૧/૪ હીસ્સો હોવાની રજુઆત કરી રહેલ છે, તે રજુઆતો ને સમર્થન મળતુ હોય તેવું હાલના તબકકે જણાઇ આવતું નથી. આ કામે પ્રતિવાદીએ પોતાના જવાબમા તમામ હકીકતો સબંધે સ્પષ્ટ તકરાર ઉઠાવવામા આવેલી છે. ત્યારે આ કામના વાદી ની એવી ફરજ બની રહે છે કે, તેઓએ આ હકીકતોનુ ખંડન કરવા માટે કાઉન્ટર એફીડેવીટ રજુ રાખવું જોઇએ. પરંતુ, આ કામે વાદી તરફથી આવું કોઇ કાઉન્ટર એફીડેવીટ રજુ રાખી પ્રતિવાદીની હકીકતોને પડકારવાનો પ્રયત્ન કરવામા આવેલ હોય, તેવું ફલીત થતું નથી. હાલના તબકકે આ કામના વાદી દાવા મા જણાવ્યા મુજબની હકીકતો ને સમર્થન મળી રહે અને વાદીનો પ્રથમ દર્શનીય કેસ હાલના તબકકે દસ્તાવેજી પુરાવાઓ તથા પક્ષ નિવેદન તથા સોગંદનામાઓ વડે સાબીત કરવામા સફળ થતા હોય તેવું જણાઇ આવતું નથી.

ઉપરોકત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા કાયદાની સ્થિતી તથા પરિસ્થિતી ઘ્યાને લેતા મુદા નંબર ૧ નો જવાબ નકારમા આપવામા આવે છે.

**મુદા નંબર ૨ તથા ૩ ના કારણોની ચર્ચા**

(૧૬) આ કામના ઉપરોકત કરવામાં આવેલી ચર્ચા મુજબ આ કામના વાદીનો પ્રથમ દર્શનીય કેશ જણાય આવેલ ન હોય આ કામે મનાઇ હુકમ આપવામાં આવે નહી તો આ કામના વાદીને નાણામાં ન પુરી શકાય તેવુ નુકશાન હોવાનુ કે સગવડતા અગવડતા નું પલ્લુ આ કામના વાદીની તરફેણમાં હોવાનું કહી શકાય નહી. તે હકીકતોએ મુદ્દાનંબર –૨તથા૩ની હકીકતો હાલના તબક્કે સાબીત કરવાનું આ કામના વાદી સફળ થતા હોવાનું જણાય આવતુ નથી.

ઉપરોકત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા કાયદાની સ્થિતી તથા પરિસ્થિતી ઘ્યાને લેતા મુદા નંબર –૨તથા૩નો જવાબ નકારમાં આપી મુદ્દાનં–૪ના કામે નિચે મુજબનો આખરી હુકમ આપવામાં આવે છે.

**ઃ– આખરી હુકમ ઃ–**

૧) આ કામના વાદીની હાલની આંક–પથી મનાઇ હુકમ મેળવવા માટેની અરજી સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર ૩૯ રૂલ–૧,૨ તથા કલમ ૧૫૧ તળે મળેલી સત્તાની રૂએ આથી નામંજુર યાને કે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨)    આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ૧૬મી માહે સપ્ટેમ્બર સને૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યા.

**Date : 16/09/2019.**
**Place : Jetpur**

**(PARESHGIRI NATVARGAR GOSWAMI)**
**Principal Senior Civil Judge**
**Jetpur. CODE NO.GJ01037.**